PG CL                    પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ                    PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebma il.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૯/કવા–૦૨/૧૭–૧૮/ 6349                    તા. 26-6-17

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ભરતભાઈ વેકરીયા,
એસ.એમ.મેટલ,
યોગેશ્વર ઈન્ડ. એરીયા,
સત્યમ એન્જી. પાસે,
ગામ: રાવકી,
તા. લોધીકા, જી. રાજકોટ

વિષય :–નવા ઓદ્યોગીક જોડાણ ના રજીસ્ટ્રેશન કરાવવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૪–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૯/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગોજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, લોધીકા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૯/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીગઃ તા. ૧૪–૦૯–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામઃ ભરતભાઈ વેકરીયા, ગામઃ રાજકોટ

રજુઆત કરનારઃ અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, લોધીકા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

---

## : હુકમ :

### ફરીયાદ : નવા ઓર્ધોગીક જોડાણ ના રજીસ્ટ્રેશન કરાવવા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી એ નવા ૧૫ કીવો ના વીજભાર વાળા જોડાણ ની વિધીસર ની અરજી તા.૨૬–૦૭–૧૭ ના રોજ લોધીકા કચેરી મા રજુ કરી આપેલ હોવા છતા, પીજીવીસીએલ તરફથી અરજી નો નોંધણીચાર્જ સ્વીકારી અને જોડાણ આપવાની કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય, આમ – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી એ તેમના નવા ઓર્ધોગીક વીજજોડાણ – ૧૫ કીવો ના વીજભાર વાળુ કરવા માટે ની વિધીસર ની અરજી તા.૨૬–૦૭–૧૭ ના રોજ લોધીકા પેટા વિભાગીય કચેરીમા આપેલ હતી. આ અરજી ચકાસણી કર્યા બાદ યોગ્ય જાહેર થયેલ હતી. પરંતુ, આ સમયે ઈ–ઉર્જા સીસ્ટમ ની અત્યંત ધીમી ગત્તી ની કનેકટીવીટી ના કારણોસર, સદર અરજી નુ રજીસ્ટ્રેશન થઈ શકેલ ન હતુ. આ કાર્યવાહી અરજદાર શ્રી ની, કચેરી મા હાજરી અને જાણકારી હેઠળ જ થયેલ હતી. આવા કારણોસર રજીસ્ટ્રેશન થયેલ ન હોવાની બાબત થી, અરજદાર શ્રી ના પ્રતિનીધી શ્રી પુરા વાકેફ પણ હતા. ત્યારબાદ, તા.૨૫–૦૮–૧૭ ના રોજ, સદર અરજી ને, ઈ–ઉર્જા સીસ્ટમ હેઠળ, નોંધણી ની પ્રક્રીયા હેઠળ, રીકવેસ્ટ નં. ૯૯૬૬૯૯૧ હેઠળ આવરી લેવાયેલ હતી. અને, અરજદાર ના પ્રતિનીધી એ રૂ.૪૦૦/– નોંધણીચાર્જ, જે રસીદનંબરઃ ૯૪૩૩૨૦ તા.૨૫–૦૮–૧૭ ના રોજ થી પીજીવીસીએલ મા ભરપાઈ પણ કરી આપેલ છે. તેમજ, નિયમાધીન રીતે જરૂરી સાઈટ સર્વે કરી અને કંપની ના નિયમ અનુસાર તા.૦૧–૦૯–૧૭ થી ભાવપત્રક અપાયેલ, જે અરજદાર શ્રી દ્રારા રસીદનંબરઃ ૯૪૫૧૮૮,૯૪૫૧૮૯,૯૪૫૧૯૦ ભરપાઈ કરી આપેલ છે. જેનુ,અગ્રતાક્રમ મુજબ અરજદાર ને વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરવામા આવશે. આમ, અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ, તેમના સદર અરજી અન્વયે પીજીવીસીએલ કક્ષાએથી વિધીસર ની નોંધણી થઈ ચુકેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની, તેમના નવા ઓર્ધોગીક વીજજોડાણ ની વિધ્ધીસર ની અરજી નુ, જે તે સમયે, વીજકંપની ની ઈ–ઉર્જા સીસ્ટમ ની અત્યંત ધીમી ગતી ની કનેકટીવીટી ના કારણોસર જ – અગાઉ રજીસ્ટ્રેશન થઈ શકેલ ન હતુ. ત્યારબાદ, સદર અરજી, જે તા.૨૫–૦૮–૧૭ ના રોજ, સદર અરજી ને, ઈ–ઉર્જા સીસ્ટમ હેઠળ, નોંધણી ની પ્રક્રીયા હેઠળ, રીકવેસ્ટ નં. ૯૯૬૬૯૯૧ હેઠળ આવરી લેવાયેલ હતી. અને, |

| | |
|---|---|
| | અરજદાર ના પ્રતિનીધી એ રૂ.૪૦૦/– નોંધણીચાર્જ, જે પહોચ નં.: ૯૪૩૩૨૦ તા.૨૫–૦૮–૧૭ ના રાજ થી પીજીવીસીએલ મા ભરપાઈ પણ કરી આપેલ છે. આમ, અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ, તેમના સદર નવા વીજ જોડાણ માટે ની અરજી નુ, પીજીવીસીએલ કક્ષાએથી વિધીસર ની નોંધણી, જે પીજીવીસીએલ કક્ષાએથી સંપન્ન કરેલ છે. તેમજ, અરજદાર શ્રી ની લેખીત રજુઆત તા.૧૧–૦૯–૧૭ ના પત્ર મુજબ, અરજદાર શ્રી ની ફરીયાદ નુ નિરાકરણ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ ની, તેમના નવા ઓદ્યોગીક વીજજોડાણ ની અરજી ની નોંધણી ની કાર્યવાહી, જે પીજીવીસીએલ તરફથી, તા.૨૫–૦૮–૧૭ ના રોજ સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બાં.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ**, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" **સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સંબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.